મધ્યાહન ભોજન યોજના માટે તૂવેર દાળની
ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા
નાફેડ(NAFED) પાસેથી ખરીદી કરવા બાબત

ગુજરાત સરકાર
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪/૨૦૧૭/૧૦૧૪/ક
૧૪, સરદાર ભવન, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૧૦/૨૦૧૭

સંદર્ભ -

(૧) ભારત સરકારના ગ્રાહકોની બાબતના મંત્રાલયનો તા.૧૯/૦૭/૧૭નો અ. સ. પત્ર ક્ર.PS03002/2/2017-PMC
(૨) નાફેડ(NAFED)નો તા.૦૨/૦૮/૧૭ નો પત્ર ક્ર. HO/CMD/TOOR/201718/3717
(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. અને નાફેડ ની તા.૮-૮-૨૦૧૭ની સંયુક્ત બેઠકની કાર્યવાહી નોંધ.
(૪) માન.મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૮/૦૮/૧૭ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.
(૫) નાફેડ(NAFED)નો તા.૨૧/૦૮/૧૭નો પત્ર ક્ર. HO/CMD/TOOR/201718/2343
(૬) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગરનો તા.૨૪-૮-૧૭ નો પત્ર ક્રમાંક:નાપુની/૨૧૧/બઅક/નાફેડ/તૂવેરદાળ/૨૦૧૭

આમુખ :-

ભારત સરકારના સંદર્ભ (૧) માં ઉલ્લેખિત તા. ૧૯-૭-૨૦૧૭ ના પત્રથી નાફેડ દ્વારા ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૧૬-૧૭ માં ગુજરાતના ખેડૂતો પાસેથી ખરીદ કરવામાં આવેલ તૂવેરના જથ્થામાંથી રાજ્યમાં મધ્યાહન ભોજન યોજના માટે તૂવેર દાળ ખરીદવા સુચવવામાં આવેલ હતુ. સંદર્ભમાં વંચાણે લીધેલ ક્રમ-૨ માં દર્શાવેલ નાફેડના પત્રથી રાજ્યના શિક્ષણ વિભાગની મધ્યાહન ભોજન યોજના માટે નાફેડ પાસેથી તૂવેર દાળ ખરીદવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબતે તા.૮/૮/૨૦૧૭ ના રોજ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. અને નાફેડ વચ્ચે સંયુકત બેઠક યોજાયેલ હતી તેના અનુસંધાને તા.૧૮/૦૮/૧૭ ના રોજ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં નાફેડ પાસેથી તૂવેર દાળ ખરીદી કરવાની બાબતે વિચારણા કરવા સારૂ સંબંધિતોની બેઠક યોજાયેલ હતી. જેમાં તૂવેર દાળ ખરીદ કરવાની કાર્યપધ્ધતિ નક્કી કરવામાં આવેલ હતી. આ બેઠકના અનુસંધાને નાફેડ દ્વારા તેના તા.૨૧/૮/૨૦૧૭ ના પત્રથી તેમજ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા તા.૨૪-૮-૨૦૧૭ ના પત્રથી નાફેડ પાસેથી તૂવેર દાળનો જથ્થો ખરીદવા આ વિભાગને સુધારેલી દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જે અન્વયે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમને નાફેડ પાસેથી તૂવેર દાળ ખરીદવાની જરૂરી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી. ને નાફેડ પાસેથી શિક્ષણ વિભાગ હસ્તકની મધ્યાહન ભોજન યોજના માટે તૂવેર દાળનો જથ્થો ખરીદવાની આથી મંજુરી આપવામાં આવે છે.

નાફેડ પાસેથી તૂવેર દાળનો જથ્થો ખરીદવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.એ નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવાની રહેશે.

(૧) ખરીદીના ૦૭ દિવસ અગાઉના ગુજરાત રાજયની અગ્રગણ્ય ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) કે જયાં તૂવેરની આવક / સોદા વધુ પ્રમાણમાં થતા હોય તે એપીએમસીના માર્કેટમાંથી (૧) નિયામકશ્રી, (એગ્રીકલ્ચરલ માર્કેટીંગ, કૃષિ અને સહકાર વિભાગ) (૨) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ, (૩) NAFED, (૪) નાણાં વિભાગ, (૫) ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન અને (૬) કમિશ્નરશ્રી, મધ્યાહ્‌ન ભોજન યોજનાની કચેરીઓના વર્ગ-૧થી નીચલી કેડરના ન હોય તેવા અધિકારીશ્રીઓની બનેલી સમિતિએ સંયુકત રીતે તૂવેરના ભાવો મેળવીને સુનિશ્ચિત કરવાના રહેશે.

(૨) ઉપર મુજબ સંયુકત રીતે મેળવવામાં આવેલ ૦૭ દિવસના તૂવેર(આખી) ના ભાવ ઉપર પ્રવર્તમાન મુકત બજારમાં જે MILLING / PROCESSING ખર્ચ થાય તે મુજબ મુકત બજારમાં પ્રવર્તમાન પેકેજીંગ ખર્ચ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને અન્ય આનુષાંગીક ખર્ચ ઉમેરી આખી તૂવેરમાંથી તૂવેર દાળનો મુકત બજારમાં જે કન્વર્ઝન રેટ હોય તે મુજબ ગણતરી કરી તૂવેર દાળનો ખરીદ ભાવ નિયત કરવાનો રહેશે. જે સંદર્ભમાં ઉલ્લેખિત નાફેડના તા.૨/૮/૨૦૧૭ના પત્રમાં દર્શાવેલ ભાવોની મર્યાદામાં નક્કી કરવાના રહેશે. આ ઉપરાંત ઓનલાઇન ઓકશનથી મળતા ભાવ સાથે આ ભાવો સરખાવીને બેમાંથી ઓછી હોય તે કિંમતે કમિશ્નરશ્રી મધ્યાહન ભોજન યોજનાની માંગણી મુજબના જથ્થામાં નાફેડ પાસેથી નિગમે દાળ ખરીદ કરવાની રહેશે.

(૩) ઉપરના મુદ્દા (૧) માં દર્શાવેલ સમિતિ દ્વારા મુદ્દા (૨) માં નિર્દિષ્ટ કામગીરી ઉપર નિયંત્રણ રાખવાનું રહેશે.

(૪) નાફેડ દ્વારા બફર સ્ટોકમાંથી રાજ્ય સરકારની મધ્યાહન ભોજન યોજના હેઠળ રાજ્ય સરકારે જણાવેલ ગુણવત્તાના ધોરણે માંગેલ પેકીંગ મુજબ અને શીડ્યુલ મુજબ ૧૦ મે.ટનના ગુણાંકમાં તાલુકા કક્ષા સુધી અને ૧૦ મે. ટન કરતા ઓછી જરૂરીયાત હોય તેવા કિસ્સામાં જિલ્લા મથક સુધી તૂવેરદાળ પુરી પાડવાની રહેશે અને આ અંગેનો ખર્ચ તેમજ મીલીંગ / પ્રોસેસીંગ ખર્ચ NAFED એ ભોગવવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯-૯-૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ તથા સરકારશ્રીના આદેશો અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. જી. ભટ્ટ)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

(૨) બ્રાંચ મેનેજર, નેશનલ એગ્રીકલ્ચર કો.ઓપ.માર્કેટીંગ ફેડરેશન લિ.(NAFED), મરડીયા પ્લાઝા, ૬ઠો માળ, એ વિંગ, બી-બ્લોક, સી.જી.રોડ, અમદાવાદ

(૩) કૃષિ નિયામકશ્રી, કૃષિભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, સચિવાલય, ગાંધીનગર

(૫) માન.મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર

(૭) અગ્રસચિવશ્રી કૃષિ,અને સહકાર વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૮) અગ્રસચિવશ્રી શિક્ષણ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૦) મેનેજીંગ ડીરેક્ટરશ્રી,ભારતીય ખાદ્ય નિગમ, નવી દિલ્હી

(૧૧) જનરલ મેનેજરશ્રી,(ગુજરાત ) ભારતીય ખાદ્ય નિગમ, અમદાવાદ

(૧૨) ઉપ સચિવશ્રી, બજેટ શાખા, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ

(૧૩) સીસ્ટમ મેનેજર, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ

(૧૪) સિલેક્ટ ફાઈલ